ત્રિવેદી મેવાડા પરિષદ્ દ્વિતીય સંમેલન.

પ્રસંગે ગાવાનાં પદ.

પ્રયોજક,

પંડ્યા ગુલાબી રણછોડ.

પ્રકાશક,

ગિરિજાશંકર દેવશંકર ભટ્ટ.

મંત્રી,

ત્રિવેદી મેવાડા પરિષદ્

દ્વિતીય સંમેલન.

ડાકોર.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦

૧૯૧૫

અમૂલ્ય.

ત્રિવેદી મેવાડા પરિષદ્ દ્વિતીય સંમેલન.

પ્રસંગે ગાવાનાં પદ.

જયતિ ઇષ્ટ એકલિંગ પદ પ્રણામિયે.
અભય કરણ સુખદ શરણ ચરણ નામિયે. જયતિ. ટેક.
પંચ વદન કંઠ વ્યાલ, ભૂષિત બાલ ચંદ્ર ભાલ;
શકિત શેષ નારદાદિ શારદા સ્તવે. જયતિ. ૧
જટા જુટ મધ્ય ગંગ, સોહત ગિરિજા ઉછંગ;
કલિમલ દુઃખદલન દેવ નિત સ્મરણામિયે. જયતિ. ૨
પરિષદે પધારી આજ, સફળ કરો સકળ કાજ;
પરમ ધરમ ધરણ અચળ વિજય પામિયે. જયતિ. ૩
સુખદ સંપ જંપ થાય દુઃખદ દ્વેષ દૂર જાય;
દુષ્ટ રૂઢીઓ ત્યજાય વિપદ વામિયે. જયતિ. ૪
વિનતી કરિયે જોડી હસ્ત, જ્ઞાતિ બાળકો સમસ્ત;
નિરમળ તવ ચર્ણનો પ્રસાદ પામિયે. જયતિ. ૫

(જાગો ઉરે જગદિશ જીવન જ્યોતિ જગાવો) એ રાગ.
પ્રભુ દયાળ દેવ સફળ કાર્ય કરાવો,
આવો અમારાં અંતરે સુખ શાન્તિ સજાવો. પ્રભુ. ૧
આજે હમારી જ્ઞાતિમાં અનૈકય થઇ ગયાં;
તજાવી કલેશ દ્વેષ સદા ઐક્ય ધરાવો. પ્રભુ. ૨
અગાધ અંધકારમાં અમો પિડાઇયે;
ઉગાડી ઉન્નતિ રવિ તિમિર હઠાવો. પ્રભુ. ૩
અમો અમારાં ધર્મ કર્મ સૌ ભૂલી ગયા;
દઇ સુબુદ્ધિ જ્ઞાન ધર્મ કર્મ ધરાવો. પ્રભુ. ૪

સ્વજ્ઞાતિ હિત માટ કશી કમ્મરો હુમે;
પરિષદ્દે પધારી પ્રભુ વિજય અપાવો. પ્રભુ. ૫

(રૂડા દિસો છો રાજેશ્વર મંદિર આવતારે.) એ રાગ.

આજે મળિયા સજ્જન સરવ જ્ઞાતિ હિત ધારવારે,
કુધારા ટાળવારે. આજે૦ ટેક.

સુખદ સુધારાને સંગ્રહવા, દુઃખદ કલેશનાં બિજ સંહરવા;
પ્રેમ બંધ દૃઢ કરવા, ઐક્ય વધારવારે. આજે૦ ૧
દેશ વિદેશેથી વિર આવ્યા, સુખરૂપ સર્વ વિચાર જણાવા;
ઉદય જ્ઞાતિનો થાવા, હિત સંભાળવારે. આજે૦ ૨
શાન્તિ સરવ સ્થળે પથરાવા, પ્રિતે અમિરસ પાન કરાવા;
શ્રવણ સુખદ વાણીથી અંતર ઠારવારે. આજે૦ ૩
સહુથી શ્રેષ્ટ મનાતી જ્ઞાતી, આજ પછાત પડી વિદ્યાથી;
શાથી સુધરે તેહ વિચાર જણાવવારે. આજે૦ ૪
બ્રહ્મકર્મમાં ભાવ ધરાવા, નિત્ય કર્મ નિયમિત રીત થાવા;
અધર્મથી અટકાવી, ધર્મ ધરાવવારે. આજે૦ ૫
ડંકપૂરના જ્ઞાતિ જનની ઇચ્છા પૂરણ કરવા મનની;
તન મન ધનની શેવા સ્વલ્પ સ્વિકારવારે. આજે. ૬
વિશ્વ વિભુને વિનય વિચનથી, આજ પ્રણમિયે સાચા મનથી;
સ્હાય માગીએ પરિષદ પાર ઉતારવારે. આજે૦ ૭

(નહી ચીજ કોઇ ગળી ગરજ સમ નહી ચીજ૦)
સંપ સજો સહુ મળી જ્ઞાતિજન સંપ સજો સહુ મળી.
સંપે સુખ સંપત જશ મળશે કરશે કરૂણા હરિ. જ્ઞાતિ. ટેક.
પ્રથમ પગથિઉં સંપ ઉદયનું જુઓ અનુભવ કરી,
એ વિણુ સર્વ સમજવું જેવી ધૂળ ઉપર લીંપણી. જ્ઞાતિ. ૧
અરે આપણી ખચિત ખરાબી થતી કુસંપે કરી,
જુઓ વિચારી સુજ્ઞ બંધુઓ કોઇ ન બેઠા ઠરી. જ્ઞાતિ. ૨
જ્યાં જોશો ત્યાં ઝગડા જામ્યા દ્વેષ રહ્યો વિસ્તરી,
ઘરઘરના થઇને સહુ બેઠા સઘ સંપ પરહરી. જ્ઞાતિ. ૩
દિન પ્રતિદિન અધોગતિ થાતી કારણુ તે લ્યો કળી,
કોણુ હતા કેવા છો આજે તે અવલોકો ફરી. જ્ઞાતિ. ૪
સંપ તજી શોધો છો સુખ તે સાંપડશે કયમ કરી,
અમ્મર ફળ ખાવા ઇચ્છો છો બાવળ ડાળે ચઢી. જ્ઞાતિ. ૫
કોણુ સુખી થયું સંપ ત્યજીને જુવો ખ્યાલ મન કરી,
કૌરવ કંસ વાલી લંકેશ્વર ગયા કુસંપે ગળી. જ્ઞાતિ. ૬
સુખરૂપ સંપ ગ્રહો બંધુઓ કુસંપને પરહરી,
વિનય ભાવથી વિપ્ર બુલાખી વિનવે આગ્રહ કરી. જ્ઞાતિ. ૭

(કયાંથી આ સંભળાય મધુર સ્વર કયાંથી.) એ રાગ.
ધરો વિનંતી ધ્યાન બંધુઓ ધરો વિનંતી.
સુખ સંપત જશને ઇચ્છો તો, દો વિદ્યાનું દાન. બંધુઓ.

તનય તમારાં કુમળી વયનાં, જગથી જેહ અજાણ;
જ્ઞાન ચક્ષુ ઉઘડાવો તેનાં, જો ચાહો કલ્યાણ. બંધુઓ. ૧
વિદ્યા કલ્પ વૃક્ષ વસુધામાં, નહિ કો એહ સમાન;
મન વાંચ્છિત ફળ દાતા દેવી, જનની જીવન પ્રાણ. બંધુઓ. ૨
ધર્મ અર્થ ને કામ મોક્ષનું, સાધન જેથી થાય;
જ્ઞાતિ હિત જન હિત સધાયે, પ્રભુ પદ પ્રેમ ધરાય. બંધુ ૩
પ્રથમ પગથિયું ભવ તરવાનું, જનમ સફળ કરનાર;
દેશ વિદેશ પૂજાય નિરંતર, વિદ્યાથી નરનાર. બંધુઓ. ૪
જોશો વિરા હૃદય વિચારી, સ્થિતિ આપણી આજ;
વિદ્યા વિહિન બન્યા પશુ જેવા, કર્યું ન કાંઇ જન કાજ. બંધુ. ૫
ક્ષણની તૃપ્તી અન્ન દાનથી, જનના મનમાં થાય;
જન્મ સુધાર્યાનું ફળ મોટું, આ જગમાંહી ગણાય. બંધુઓ. ૬
માટે લક્ષ્મીનો વ્યય કરજો, સુધારવા સંતાન;
માનીએ જ્ઞાતિ હિત મોટું, શ્રેષ્ટ સર્વથી દાન. બંધુઓ. ૭

ગજલ કવ્વાલી.

ભણાવો બાળકો ભાવે, વિવેકી વીર મેવાડા.
સમય આ જાય છે ચાલી, પછી વિમાસશો ખાલી;
સુતા શું સેજડી ઢાળી, ઉઘાડો આંખ મેવાડા. ૧
જુઓને જગત જાગ્યું છે, વિચરવા પંથ લાગ્યું છે;
તમે તો સવ ત્યાગ્યું છે, વિચારો વીર મેવાડા. ૨

ફક્ત દિન એકને માટે હજારો દામ ઉડાવો;
તમારાં બાળકો માટે, ન આપો પાઈ મેવાડા. ૩
ઉઘાડો ફંડ વિદ્યાનાં, હરો દુઃખો અવિદ્યાનાં;
ભરાવો ફંડમાં નાણું, ફરીને વીર મેવાડા. ૪
રખડતાં બાળકો ભાળો, દૂરિત પંથે જતાં ખાળો;
ચખાડી સ્વાદ વિદ્યાનો, સુધારો જન્મ મેવાડા. ૫
કરો ના સુખની વાતો, કસીને કમ્મરો ઉઠો;
વિનંતી આ બુલાખીની, ધરોને ધ્યાન મેવાડા. ૬

વિદ્યાર્થી બંધુઓ પ્રતિ.

(રૂડા દિસો છો રાજેશ્વર મંદિર આવતારે.) એ રાગ.

ભાવે વિદ્યા ભણજો આ જગમાં જય પામવારે;
સદા સુખિયા થવારે. ભાવે૦ ટેક.

વિદ્યા કલ્પ વૃક્ષ વસુધામાં, એથી અધિક ન સ્વાદ સુધામાં;
લક્ષ્મિમાં નહિ તત્ત્વ તુલ્ય તેની થવારે. ભાવે૦ ૧
શિતળ ચંદ્રથકી શાન્તિમાં, કૌસ્તુભથી પણ અધિક કાન્તિમાં;
ઉચ્ચૈશ્રવા પણ હારે ગતિએ પહોંચવારે. ભાવે૦ ૨
જ્ઞાન ચક્ષુ ઉઘડે વિદ્યાથી, અતુલ બુદ્ધિ બળ વધે ભણ્યાથી;
દેશ વિદેશે ઉજ્વળ કીર્તિ પામવારે. ભાવે૦ ૩

અર્થે આપણો ઉત્તમ સરવા, જ્ઞાતિ હિત દેશોદય કરવા.
ધર્મ સભાઓ ગજવી જનમાં શોભવારે. ભાવે૦ ૪
ધર્મ અર્થ ને કામ સધાયે, અન્તે મોક્ષ મળે વિધાએ;
શ્રી હરિના શરણે વસિને સુખિયા થવારે. ભાવે૦ ૫
શ્રી જગદિશ્વર અરજ સ્વિકારી માગ્યું દેશે દેવ મુરારી;
રિદ્ધિ સિદ્ધિ દઈ રક્ષણુ તે કરશે સદારે. ભાવે૦ ૬

જ્ઞાતિમાં ચાલતા કૂધારા દૂર કરવા વિષે.

હરિગીત વૃત્ત.

હે બંધુઓ ચિત્તે ધરો યાચી ક્ષમા સાચું કહું,
દુઃખરૂપ અણુઘટંતા કૂધારા જ્ઞાતિમાં દિસે બહુ;
તે દૂર થાવા સર્વ બંધુ અંતરે ઇચ્છા ધરો,
સુખ શાન્તિમાં સઘળા વસે શાણા સુધારો તે કરો. ૧

જે બાળ લગ્ન તણા રિવાજે બાળકો જોડાય છે,
બળ હિણુ બુદ્ધિ હિણુ તેથી સંતતિ સૌ થાય છે;
અફસોસમાં દિન નિર્ગમે ને કજોડાં થાયે ખરાં,
સુખ શાન્તિમાં સઘળા વસે શાણા સુધારો તે કરો. ૨

ન્યા તણો વિક્રય કરંતાં જેહ શરમાતો નથી,
તે દુષ્ટનો ઉદ્ધાર કોટી કલ્પ પણ થાતો નથી;
ગૌ ઘાત જેવું પાપ છે તે વાતને લક્ષે ધરો,
સુખ શાન્તિમાં સઘળા વસે શાણા સુધારો તે કરો. ૩

વરતણી લે પહેરામણી નિજ કૂળ મોટું માનીને,
આપે વધુ જે દામ તેની હા ભણે અભિમાની તે;
હોયે મુરખ કે દુરાચારી ત્હોય કુળવંતો ખરો,
સુખ શાન્તિમાં સઘળા વસે શાણા સુધારો તે કરો. ૪

કુળવાન તેહ ગણાય છે ગુણવાન વિદ્યાવાન જે,
સુશિલવંતો નમ્ર ને સદ્ ધર્મવંત મહાન જે;
અભિમાન રહિત સુભકત ઇત્યાદિ ગુણે શોભે ખરો,
સુખ શાન્તિમાં સઘળા વસે શાણા સુધારો તે કરો. ૫

વય વિશ કે પચ્ચિસ માંહી મર્ણ કોનું થાય છે,
તેનું દશા એકાદશા વયવૃદ્ધ ખાવા જાય છે;
ધિક્કાર તે પ્રેતાન્નના જમનારને શિરે ધરો,
સુખ શાન્તિમાં સઘળા વસે શાણા સુધારો તે કરો. ૬

કુળવાન લજ્જાવાનને ધનવાન કેરી માનુની,
વાટે બજારે હાર પડીને કુટતી નિર્લજ બની;
ફિટકાર તેવા ચાલને સોવાર દેઇ પરહરો,
સુખ શાન્તિમાં સઘળા વસે શાણા સુધારો તે કરો. ૭

મરનાર પાછળ જ્ઞાતિનાં ભોજન બનાવો ભાવતાં,
લાખો રૂપૈયા એ રીતે ખરચાય અવસર આવતાં;
તે ક્ષણિક તૃપ્ત માટ તેવા દામને ના વાવરો,
સુખ શાન્તિમાં સઘળા વસે શાણા સુધારો તે કરો. ૮

બંધુ તમારાં બાળકો વિદ્યા કળામાં પાધરાં,
આધાર વિના આથડી ઉત્સાહ ભંગ થતાં ખરાં;
તે બાળકોનું હિત થાવાના ઉપાયો આદરો,
સુખ શાન્તિમાં સઘળા વસે શાણા સુધારો તે કરો. ૯

છે આપણાં ખટ કર્મ સંધ્યા સ્નાન આદિ જે કહ્યાં,
તે સેંકડે નેવું ટકા આ કાળમાં ઓછાં થયાં;
ઉદ્ધાર કરવા ધર્મનો ખટ કર્મમાં પ્રિતિ ધરો,
સુખ શાન્તિમાં સઘળા વસે શાણા સુધારો તે કરો. ૧૦

થાશે સુધારા જ્ઞાતિમાં સૌ બંધુઓ સુખિયા થશો,
આ લોક ને પરલોકમાંહી અચળ કીર્તિ પામશો;
તો જ્ઞાતિ કેરા સુખતણો સુરજ ક્ષિતિજમાં દિસશે,
ઇચ્છા બુલાખીરામની પરિપૂર્ણ સર્વ થઇ જશે. ૧૧

અમદાવાદ—"હિતેચ્છુ" પ્રેસમાં હરિપ્રસાદ પિતાંબરદાસ
મહેતાએ છાપ્યાં.